વિષય-યુક્ત તૃષ્ણા જેને પકડી લે છે તે માનવીનું દુઃખ જંગલી ઘાસની માફક સતત વધતું રહે છે
- બુધ્ધ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૨૭ | ૭ ફેબ્રુઆરી, ૨૦૧૩, ગુરૂવાર; પોષ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

બજેટનું કદ વધારો : ૨.૨૦ કરોડની કાપ દરખાસ્તો

મનપા સ્ટેન્ડીંગ કમિટીએ ૩૬ જેટલી ભલામણો સાથે કરેલી માંગ : મેયરના ફંડમાં રૂ. ૧.૯૦ કરોડનો ઘટાડો, રંગમંચના ભાડામાં પણ ઘટાડો સૂચવાયો, ભાજપ શાસિત કોર્પો.માં વેરા વધ્યા છે જ્યારે કોંગ્રેસે વેરા મુક્ત બજેટ આપ્યું છે : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનરે ગઈકાલે રજુ કરેલા વર્ષ ૨૦૧૩-૧૪ના ડ્રાફ્ટ બજેટમાં સ્ટેન્ડીંગ કમિટીએ આજે રૂ. ૨.૨૦ કરોડની કાપ દરખાસ્ત સાથે રૂ. ૩.૯૨ કરોડની આવક વૃધ્ધિ સાથે બજેટનું કદ રૂ. ૩૬.૧૨ કરોડ રાખવાની ભલામણ કરી છે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલ બેઠકમાં ગઈ કાલે મ્યુનિ. કમિશનરે રજુ કરેલા ડ્રાફ્ટ બજેટમાં ૩૬ જેટલા સુધારાઓ સાથે રૂ. ૨.૨૦ કરોડની કાપ દરખાસ્તો રજુ કરવામાં આવી હતી.

આજે સ્ટેન્ડીંગ કમિટીએ જે મહત્વની ભલામણો કરી છે તેમાં આવક વૃધ્ધિ માટે ઓક્ટ્રોયની આવક રૂ. ૧૫ કરોડ થવાનો અંદાજ દર્શાવાયો છે. આ ઉપરાંત વ્યવસાય વેરાની આવકમાં પણ રૂ. ૨૦ લાખનો વધારો અંદાજવામાં આવ્યો છે. સરકારી અનુદાનોમાં વધારે નાણાં મળે તે માટે ભાર મુકવામાં આવ્યો હોવા ઉપરાંત રંગમંચના ભાડામાં મધ્યમ વર્ગને રાહત થાય તે માટે રૂ. ૫૦ હજારની રાહત સૂચવવામાં આવી છે.

સ્ટેન્ડીંગ કમિટીની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં ચેરમેનશ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે મિલ્કત વેરાની આકારણીને લઈ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ઉગ્ર રોષની લાગણી પ્રવર્તી રહી છે તેમજ શહેરી વિસ્તારમાં પણ વ્યાપક ફરિયાદો મળી રહી છે તેને ધ્યાને રાખી મિલ્કતોના રીસર્વેની કામગીરી માટે રૂ. ૧૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે ૮ જેટલી નવી બાબતો સૂચવવામાં આવી છે જેના ખર્ચ માટેની જોગવાઈ કમિશનરશ્રીના ડ્રાફ્ટ બજેટમાં હતી નહિ. શહેરના સ્થાપના દિન તેમજ કોર્પોરેશનના સ્થાપના દિનની ઉજવણી માટે રૂ. ૩ લાખની જોગવાઈ, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી માટે રૂ. પાંચ લાખની જોગવાઈ, શહેરના તેજસ્વી બાળકોના સન્માન માટે રૂ. બે લાખની જોગવાઈ મહાપુરૂષોની જન્મજયંતિની ઉજવણી માટે રૂ. બે લાખની ઉજવણી, શહિદ દિન માટે રૂ. ૫૦ હજારની જોગવાઈ સૂચવવામાં આવી છે.

શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે મિલ્કતોના રિસર્વેની સાથે વહીવટીય ખર્ચમાં પણ કરકસરનો અભિગમ અપનાવવામાં આવશે. જેમ કે ઓફિસ ખર્ચમાં રૂ. ૧ લાખનો ઘટાડો, કાઉન્સીલરોના પગાર-ભથ્થા ખર્ચમાં રૂ. બે લાખનો ઘટાડો, મેયરશ્રીની ડીસ્ક્રીશ્નરી ગ્રાન્ટમાં રૂ. ૩ લાખનો ઘટાડો સૂચવવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે મેયરશ્રીને વિકાસના કામો માટે રૂ. બે કરોડની ખાસ ગ્રાન્ટ ફાળવવાની દરખાસ્તમાં રૂ. ૧.૯૦ કરોડનો મહત્વનો ઘટાડો સ્ટેન્ડીંગ કમિટીએ સૂચવ્યો છે. જો કે કાઉન્સીલરોને વિકાસ માટે અપાતા ફંડને બમણું કરવાની પણ ભલામણ આજની બેઠકમાં કરવામાં આવી છે.

ઓફિસમાં વપરાતા ફેક્સ અને ઝેરોક્ષ મશીનના ખર્ચમાં રૂ. બે લાખનો ઘટાડો સૂચવવામાં આવ્યો છે. આ ઉપરાંત સોફટવેર પ્રોસેસીંગ ચાર્જીસમાં રૂ. ૧૦ લાખનો ઘટાડો આજની બેઠકમાં સૂચવવામાં આવ્યો છે. ઈ-ગર્વનન્સ ડેવલપ કરવાના મુદ્દે રૂ. પાંચ લાખનો ઘટાડો સૂચવવામાં આવ્યો હોવાનું પણ શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું.

શ્રી પટેલે જણાવ્યું હતું કે આવક વૃધ્ધિ સાથે વહીવટીય કરકસરના અભિગમને ધ્યાને રાખી આ કાપ દરખાસ્તો રજુ કરવામાં આવી છે.

શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે સફાઈ ચાર્જની વસુલી તેમજ મિલ્કત વેરાની વસુલીને અસરકારક બનાવવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. ખાસ કરીને સફાઈ ચાર્જ માટે જે મોબાઈલ કોર્ટની દરખાસ્ત અગાઉ સ્ટેન્ડીંગ કમિટીએ કરી હતી તેનો અમલ કરવા માટે આજની બેઠકમાં પુનઃ આગ્રહ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

પ્લોટોના હસ્તાંતરણની ફીમાં હિસ્સો આપો : અશ્વિન વ્યાસ

કોર્પોરેશનના વહીવટને પારદર્શક બનાવવા સીસીટીવી કેમેરા લગાવાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં ધારાસભ્યો અને સાંસદો સહિત અધિકારીઓને આવાસ માટે ફાળવવામાં આવેલા પ્લોટોના વેચાણમાંથી સરકાર દ્વારા વસુલાતી ટ્રાન્સફર ફીનો હિસ્સો કોર્પોરેશનને ગ્રાન્ટ સ્વરૂપે આપવા રજુઆત કરવામાં આવી છે.

આજે સ્ટેન્ડીંગ કમિટીની શ્રી પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ અંગે સૂચન શ્રી અશ્વિન વ્યાસે કર્યું હતું.

બેઠક બાદ શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે સસ્તામાં જમીન મેળવ્યા બાદ આ મિલ્કતોના વેચાણમાંથી થતી આવકમાં કોર્પોરેશનને હિસ્સો મળવો જ જોઈએ કારણ કે કોર્પોરેશનનો તે હક્ક છે. પટેલે જણાવ્યું હતું કે ઓક્ટ્રોયની આવક પણ જે રીતે ચુકવવામાં આવે છે તેમાં વધારો કરવો જોઈએ આ ઉપરાંત વેટની આવકમાંથી પણ ગ્રાન્ટ સરકારે ફાળવવી જોઈએ.

શ્રી પ્રવિણ પટેલ અને શ્રી અશ્વિન વ્યાસે જણાવ્યું હતું કે વ્યવસાય વેરાની આવકમાંથી જે ગ્રાન્ટ આપવામાં આવે છે તેના દરમાં પણ સુધારો કરવો જોઈએ.

ગાંધીનગર શહેરમાં વિકાસ

● અનુસંધાન પાન-૭ પર

ઘડિયાળમાં ટક ટક કર્યા કરતો સમય પણ મોસમ સાથે જાણે કદમ તાલ કરી તેજ ચાલમાં ચુટર્ન કાપતો હોય એવી પ્રતીતિ ગુજરાતીઓ કરી રહ્યા છે. લગ્નસરાની પૂરબહારમાં ખીલેલી મોસમ વચ્ચે કમોસમી વરસાદે લોકોને પુનઃ ગરમ વસ્ત્રો ધારણ કરવાની ફરજ પાડી છે તો બપોરના સમયે ગરમીનું વધતુ પ્રમાણ અને ભેજના પ્રમાણને લઈ વહેતા ઠંડા પવનના સુસવાટાઓએ બદલતે રિસ્તે અને બદલાતી મોસમ વચ્ચે માનવને કેવો બિચારો બનાવી દીધો છે... તો સમય પણ ગરજીને કહે છે કે મારૂ પૂર્ણ વિરામ હજુ આવ્યુ નથી આ તો અલ્પવિરામ હતું...! (તસવીર : દિપક જાની)

અખિલ ભારત હિન્દુ મહાસભા દ્વારા પાકિસ્તાની સૈનિક દ્વારા ભારતીય જવાનની હત્યાના વિરોધમાં જોરદાર દેખાવ કરવામાં આવ્યા હતા.

ગુજરાતના મહત્વના પ્રશ્નોની પ્રધાનમંત્રી સમક્ષ મુખ્યમંત્રીની સબળ રજૂઆત

ગુજરાતના વિકાસ માટે પ્રધાનમંત્રીએ શુભકામના વ્યક્ત કરી : ૪૫ મિનિટ પ્રધાનમંત્રી સાથે મુખ્યમંત્રીની સોહાર્દપૂર્ણ બેઠક યોજાઈ : સરદાર સરોવર ડેમની સંપૂર્ણ ઉંચાઈ માટે દરવાજા મુકવાની મંજુરી આપવા માંગ

ગાંધીનગર, તા.૬

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે નવી દિલ્હીમાં વડાપ્રધાન ડો. મનમોહનસિંહની મૂલાકાત લીધી હતી. આશરે ૪૫ મિનીટની આ બેઠકમાં ગુજરાતના વિકાસ સહિત અનેક વિષયો અંગે ચર્ચા થઈ હતી.

સતત ચોથીવાર ગુજરાતની જનતાનો આદેશ મેળવીને રાજ્ય શાસનનું નેતૃત્વ સંભાળ્યા પછી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વડાપ્રધાનશ્રી સાથે આજે પ્રથમ મૂલાકાત યોજાઈ હતી. વડાપ્રધાનશ્રીએ નવી રાજ્ય સરકાર અને ગુજરાતના વિકાસ માટે હાર્દિક શુભકામના પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પણ દેશની જનતાના વ્યાપક હિતમાં ગુજરાત પોતાની શકિતથી યોગદાન આપવા તત્પર છે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

ડો. મનમોહનસિંહ સમક્ષ મુખ્યમંત્રીશ્રીએ વ્યાપક ફલકના વિષયો સહિત ગુજરાતમાં કિસાનોને નર્મદા યોજનાના કેનાલ નેટવર્ક દ્વારા પાણી પહોંચાડવા માટેના આયોજનને સંપૂર્ણ બનાવવા, સરદાર સરોવર ડેમની ઉંચાઈ હાલના ૧૨૧.૯૫ મીટરથી ૧૩૮ મીટર ઉપર લઈ જવા ડેમના દરવાજા મૂકવાની મંજૂરી વહેલામાં વહેલી તકે આપવા વિનંતી કરી હતી. સરદાર સરોવર ડેમના દરવાજા મૂકવાની મંજૂરીનો પ્રશ્ન ઘણો લાંબા સમયથી અનિર્ણિત છે અને તેના કારણે સરદાર સરોવર યોજનાના પાણીનો ઘણો મોટો પુરવઠો દરિયામાં વેડફાઈ જાય છે. જો ડેમની ઉંચાઈ પૂરેપૂરી ૧૩૮ મીટર લઈ જવાય તો નર્મદા યોજનાનું બધું જ પાણી કેનાલ નેટવર્ક દ્વારા ખેતી માટે ગુજરાતના કિસાનોને મળી શકે એ હકિકતની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ રજૂ કરીને ડેમના દરવાજા મૂકવાની પરવાનગી સત્વરે મળે તેવો ભારત સરકારને અનુરોધ કર્યો હતો.

ગુજરાતના કેન્દ્ર સરકાર સમક્ષના મહત્વના અનિર્ણાયક

પ્રજાોની રજૂઆતો પણ મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન સાથેની આ અત્યંત સૌહાર્દપૂર્ણ બેઠકમાં આવરી લીધી હતી.

ગુજરાતની સરદાર સરોવર યોજનાને અન્ય રાજ્યોની જેમ ડેઝર્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (DDP) અન્વયે એક્સેલરેટેડ ઈરિગેશન બેનિફીટ પ્રોજેક્ટ (AIBP) ના ૯૦ ટકા કેન્દ્રીય સહાયનો લાભ મળવો જોઈએ એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગુજરાતને દિલ્હી અને મુંબઈને જે ભાવે જે ગેસ પૂરવઠો કેન્દ્ર સરકાર ફાળવે છે તે જ ભાવે ગેસ મળવો જોઈએ તેવી રજૂઆત કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એમ પણ જણાવ્યું કે રાજ્ય સરકારે વડી અદાલતમાં ન્યાય માંગીને દિલ્હી-મુંબઈના ભાવે ગુજરાતને ગેસ-પૂરવઠો મળવો જોઈએ એવી રજૂઆત કરેલી જેમાં ન્યાયતંત્રએ ગુજરાત સરકારની તરફેણમાં ચૂકાદો આપેલો, પણ તેમ છતાં ભારત સરકારે આ અદાલતી ચૂકાદાનું પાલન નહીં કરતાં સર્વોચ્ચ અદાલતમાં વિવાદને લઈ જઈને ગુજરાતને દિલ્હી-મુંબઈના ભાવે ગેસ આપવાની બાબતમાં વિલંબ કરવાનું વલણ દાખવ્યું છે, જે અન્યાયી છે એની નારાજગી સાથે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. ગુજરાતના ગેસ આધારિત વીજમથકો માટે ગેસનો પર્યાપ્ત પૂરવઠો આપવા તથા કેન્દ્રીય સહાય માટેની રજૂઆતો પણ તેમણે કરી હતી.

ઠંડીની ત્રીજી ઈનિંગ્સ શરૂ

નલિયામાં ૫.૯ ડિગ્રી : સોમવાર રાત્રીથી જ શરૂ થયેલા ઠંડા પવનોના પરિણામે ઠંડીનું પ્રમાણ વધ્યુ : ગાંધીનગરમાં ૧૩ ડિગ્રી તાપમાન

અમદાવાદ, તા.૬

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના લીધે થયેલ માવઠુ અને રાજ્યમાં કાતિલ ઠંડીના પવનો ફરી શરૂ થતા રાજ્યમાં ઠંડીની ઈનિંગ્સની શરૂઆત થઈ છે. બુધવારે રાજ્યમાં ૫.૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતા લોકોએ ફરી એક વાર ગરમ કપડા પહેરવાની ફરજ પડી છે. એટલુ જ નહીં આગામી ૩૬ કલાકમાં સૌરાષ્ટ્ર, કચ્છ સહિત રાજયના અન્ય ભાગોમાં કોલ્ડવેવની આગાહી પણ રાજ્ય હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગના આંકડા મુજબ સોમવારે રાત્રીએથી શરૂ થયેલ ઠંડી પવનોને જોર વધતા રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધ્યુ છે. જેના કારણે અમદાવાદમાં ૧૪ ડિગ્રી જેટલુ લઘુતમ તાપમાન નોધાયુ હતુ. જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૧૩.૪ ડિગ્રી જેટલુ તાપમાન નોંધાયુ હતુ. આ ઉપરાંત રાજ્યના અન્ય શહેરની વાત કરીએ તો ઉત્તર ગુજરાતના ડીસામાં ૧૦.૨ ડિગ્રી, ઈડર ૧૩ ડિગ્રી લઘુતમ તાપમાન નોધાયુ હતુ. તો મધ્ય ગુજરાતમાં વલ્લભ વિદ્યાનગરમાં ૧૩, વડોદરામાં ૧૫.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતુ. દક્ષિણ ગુજરાતના સુરતમાં ૧૩.૬ ડિગ્રી, વલસાડમાં ૧૩.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતુ. જ્યારે સૌરાષ્ટ્રના રાજકોટમાં ૧૦.૩, અમરેલીમાં ૧૧.૨ ડિગ્રી, મહુવામાં ૧૩.૯ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૨.૫ ડિગ્રી, દ્વારકામાં ૧૫.૨ ડિગ્રી, ઓખામાં ૧૮.૯ ડિગ્રી, પોરબંદરમાં ૧૨ ડિગ્રી, વેરાવળમાં ૧૪.૨ ડિગ્રી, ભાવનગરમાં ૧૪.૩ ડિગ્રી તો કચ્છના ભૂજમાં ૧૨ ડિગ્રી, નલિયામાં ૫.૯ ડિગ્રી કંડલા પોર્ટમાં ૧૧.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતા રાજ્ય ફરી એકવાર ઠંડીના ભરડામાં ફસાયુ છે. મંગળવાર કરતા બુધવારના તાપમાનમાં એકથી બે ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો. જો કે બુધવારે રાજ્યના કોઈ ભાગમાં વરસાદ પડ્યાના અહેવાલ હવામાન વિભાગ દ્વારા નોંધવામાં આવ્યા નથી. આ ઉપરાંત હવામાન વિભાગ દ્વારા આગામી ૩૬ કલાકમાં સૌરાષ્ટ્ર, કચ્છ ઉપરાંત રાજયના અન્ય કેટલાક ભાગોમાં કોલ્ડવેવની સ્થિતિ સર્જાવવાની આગાહી કરવામાં આવી છે.